પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૪ | ૧૫ ડીસેમ્બર, ૨૦૨૦, મંગળવાર; માગશર - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશભરમાં અન્નદાતાઓના ઉપવાસ

**ખેડૂતોએ પાટનગરની સરહદ બંધ કરી : ખેડૂત આંદોલન સમેટવાના કોઈ સંકેત નહીં : આંદોલનકારીએ સામાન્ય લોકોને પડી રહેલી મુશ્કેલી મુદ્દે માફી માગી, જરુરિયાતમંદો માટે તમામ સહકારની ખાતરી**

નવી દિલ્હી, તા. ૧૪

કૃષિ કાયદાઓની વિરુદ્ધ દિલ્હીની સરહદો પર ધરણા આપી રહેલા ખેડૂતોને હવે ૨ અઠવાડિયાથી વધારે સમય થઈ ગયો છે. ઠંડીમાં પણ ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે, પરંતુ આ ધરણાથી સામાન્ય લોકોને મુશ્કેલીઓ પડી રહી છે. હવે આ મુશ્કેલીઓની જોતા સંયુક્ત કિસાન મોરચાએ માફી માગી છે. તેમણે સામાન્ય લોકોને પડી રહેલી મુશ્કેલીઓ માટે દુઃખ વ્યક્ત કર્યું છે. જો કે એ ભરોસો પણ આપ્યો છે કે જો કોઈ દર્દી અથવા જરૂરિયાતમંદને કોઈ મુશ્કેલી થશે, તો તરત અમારો સંપર્ક કરો.

ઉલ્લેખનીય છે કે સંયુક્ત કિસાન મોરચા દ્વારા દેશના અનેક ખેડૂત સંગઠન નવા ખેડૂત બિલને લઈને ધરણા આપી રહ્યા છે. દિલ્હીની સિંધુ બૉર્ડર, ગાઝીપુર બૉર્ડરસ ટિકરી બૉર્ડર અને હવે રાજસ્થાનથી હરિયાણાને જોડતી બૉર્ડર બંધ કરવામાં આવી રહી છે. ખેડૂતો દ્વારા નીકાળવામાં આવેલા પેમ્ફલેટમાં લખવામાં આવ્યું છે કે, ‘અમે ખેડૂતો છીએ, લોકો અમને અન્નદાતા કહે છે. વડાપ્રધાન કહે છે તેઓ અમારા માટે ૩ કાયદાની ભેટ લઈને આવ્યા છીએ, અમે કહીએ છીએ કે આ ભેટ નહીં પરંતુ સજા છે. અમને ભેટ આપવી છે તો પાકની યોગ્ય કિંમત આપવાની કાયદાકીય ગેરંટી આપો.



આમાં આગળ લખવામાં આવ્યું છે કે, ‘રોડ બંધ કરવા, જનતાને તકલીફ આપવી અમારો ઉદ્દેશ્ય નથી. અમે તો મજબૂરીમાં અહીં બેઠા છીએ. તેમ છતા અમારા આ આંદોલનથી તમને જે તકલીફ થઈ રહી છે તેના માટે અમે હાથ જોડીને માફી માંગીએ છીએ. સાથે જ ખેડૂતોએ ભરોસો આપ્યો કે, જો કોઈ પણ બીમાર અથવા વૃદ્ધને મુશ્કેલી હોય, એમ્બ્યુલન્સ રોકાઈ હોય અથવા બીજી કોઈ ઈમરજન્સી હોય તો કૃપા કરીને અમારા વૉલિયન્ટર સાથે સંપર્ક કરો તેઓ તમારી મદદ કરશે. હું એક ખેડૂત.

ઉલ્લેખનીય છે કે ખેડૂતોના આંદોલનના કારણે અનેક રસ્તાઓ બંધ છે. અનેક જગ્યાએ ડાયવર્ઝન છે. જો કે એવું અનેક વાર જોવા મળ્યું છે કે ખેડૂતો એમ્બ્યુલન્સ માટે ખુદ જ રસ્તો બનાવી રહ્યા છે. આ ઉપરાંત ખેડૂતો દ્વારા જે લંગર તૈયાર કરવામાં આવી રહ્યા છે, તેમાં ફક્ત પ્રદર્શનકારીઓને જ નહીં પરંતુ અન્ય સામાન્ય લોકોને પણ પ્રસાદ આપવામાં આવી રહ્યો છે.

કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલાં ખેડૂતો સોમવારે ભૂખ હડતાળ પર હતા. આંદોલનને લઈને સરકાર અને ખેડૂતો વચ્ચે કોઈ માર્ગ ન નીકળતા, ખેડૂતોનું આંદોલન વધુ ઉગ્ર બની રહ્યું છે. દિલ્હીની બોર્ડરો પર આજે ખેડૂતો ઉપવાસ પર છે. આ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ તેમનો સાથ આપવાની વાત કરી છે અને તે પણ ઉપવાસ કરશે. ખેડૂતો દ્વારા એનએચ-૯ જામ કરવામાં આવ્યો છે.

## ત્રણ મહિના સુધી અનાજ ન લેનારનું રેશન કાર્ડ રદ થશે

નવી દિલ્હી, તા. ૧૪

કોરોના વાયરસના પડકાર વચ્ચે જરુરિયાત ધરાવતા લોકોને કોઈ સમસ્યા ના આવે તે રીતે રેશન કાર્ડ દ્વારા અનાજ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આવામાં કેન્દ્ર સરકાર દ્વારા તેના પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. હવે ત્રણ મહિના સુધી રેશન કાર્ડનો ઉપયોગ કરવા સંબંધિત દિશા નિર્દેશ જારી કરવામાં આવ્યો છે.

# જથ્થાબંધ મોંઘવારી દર ૯ મહિનાની ટોચે

**મોંઘવારીએ માઝા મૂકી : કોરોનાકાળમાં નવેમ્બરમાં મોંઘવારી દર ૧.૫૫ ટકાના સ્તરે પહોંચ્યો : ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા મધ્યમવર્ગની કમર તૂટી, નવેમ્બરમાં ખાદ્ય ફુગાવાનો દર ૩.૯૪ ટકા હતો, શાકભાજી-બટાટાના ભાવ અનુક્રમે ૧૨.૨૪ ટકા અને ૧૧૫.૧૨ ટકા વધારે હતા**

ન્યુ દિલ્હી,તા.૧૪

એક બાજુ કોરોના જેવી મહામારી તો બીજીબાજુ મોંઘવારીના મારે સામાન્ય માણસની જિંદગીને હતી ન હતી કરી દીધી છે. બે ટંકની રોજી રોટી મેળવવા ફાંફા મારતો સામાન્ય માણસ ડગલે ને પગલે ગોથા ખાઈ રહ્યો છે. ત્યારે સામાન્ય માણસને મોંઘવારીએ ખુબ હેરાન કર્યા છે.

સરકાર દ્વારા આજે જાહેર કરાયેલા આંકડા મુજબ નવેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર (WPI) વધીને ૧.૫૫ ટકાના સ્તરે પહોંચી ગયો છે જે છેલ્લા નવ મહિનાનો સૌથી ઉંચો મોંઘવારી દર છે. ઓક્ટોબરમાં આ દર ૧.૪૮ અને ગયા વર્ષનો



નવેમ્બરનો દર ૦.૫૮ રહ્યો હતો. સરકારી આંકડાઓ અનુસાર આ ફેબ્રુઆરીમાં સૌથી વધારે રહ્યો છે. ફેબ્રુઆરીમાં તે દર ૨.૨૬ ટકા હતો.

કોરોના સંકટની સાથે આર્થિક મંદીના ભણકારા વચ્ચે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા ગરીબ અને મધ્યમવર્ગની હાડમારી વધી રહી છે. જ્યારે સરકારનું કહેવુ છે કે, મેન્યુફેક્ચર્ડ પ્રોડ્કટ્સ મોંઘા થવાથી નવેમ્બરમાં જથ્થાબંધ મોંઘવારી આંકમાં વધારો થયો છે.

નવેમ્બરમાં ખાદ્ય મોંઘવારી નરમ રહી પરંતુ ઉત્પાદિત ઉત્પાદનોએ ફુગાવાને આગ ચાંપી

● અનુસંધાન પાન-૫ પર

## ભારત વિશ્વનું સૌથી મોટા નેટ યૂઝર્સમાં બીજા ક્રમનું બજાર

નવી દિલ્હી, તા. ૧૪

ઈન્ટરનેટ યૂઝર્સના આંકડા મુજબ વિશ્વમાં ૭.૮ અબજની વસતી છે. દક્ષિણ કોરિયાના લોકોને સૌથી વધુ ૫૨.૪ એમબીપીએસ મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ મળે છે. ૫૬૦૦ લાખ ઈન્ટરનેટ યૂઝર્સ સાથે ભારત વિશ્વમાં સૌથી મોટું બીજા ક્રમનું માર્કેટ. દુનિયામાં સૌથી વધુ ઈન્ટરનેટ યૂઝર્સ એશિયામાં છે.


# વિશ્વભરમાં ગુગલ, યુટ્યુબ, જીમેલની સેવા એકાએક ખોરવાઈ

**અનેક સેવાઓ ડાઉન થતાં વપરાશકારોને હાલાકી : સાંજે ૫.૨૦એ બંધ થયેલી સર્વિસ ૬.૨૦ વાગે શરૂ થઈ**

નવી દિલ્હી, તા. ૧૪

આજે ગૂગલની ઘણી સેવાઓ ડાઉન થઈ ગઈ છે. સાંજ લગભગ ૫.૨૦ કલાકે ગૂગલની જીમેલ સેવા અને હેંગઆઉટ સહિત ઘણી સેવાઓ પર એરરનું પેજ જોવા મળ્યું. યુટ્યૂબ પર પણ એવી સ્થિતિ રહી. આ ઉપરાંત ગૂગલની પેમેન્ટ સર્વિસ ગૂગલ પે પણ કામ કરતી બંધ થઈ ગઈ હતી. જેના લીધે ઘણા લોકોના પેમેન્ટ અટવાઈ પડ્યા હતા. જોકે, ગૂગલ સર્ચ એન્જિન એટલે કે ગુગલ.કોમ કામ કરી રહ્યું હતું. ગૂગલની આ સેવાઓ ખોટવાઈ જવાથી લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. બાદમાં, લગભગ એક કલાક પછી એટલે કે ૬.૨૦ની આસપાસ ગૂગલની સેવાઓ ફરીથી શરૂ થઈ હતી.

હજુ ગૂગલની સેવાઓ ખોટવાયાને થોડી સેકન્ડો પણ




નહોંતી થઈ, કે ટ્વિટર પર #YouTubeDOWN અને #googledown ટ્રેન્ડ કરવા લાગ્યું. કોઈ પોતાના જીમેલના એરર પેજનો સ્ક્રીન શોટ મૂકવા લાગ્યું તો, કોઈ ટ્યૂબની હાલત પર લોકોનું ધ્યાન ખેંચવા લાગ્યું. તો, હેંગઆઉટથી થઈ રહેલી મુશ્કેલીઓને પણ લોકો ટ્વિટર પર રિપોર્ટ કરવા લાગ્યા.

આમ તો જો તમે યુટ્યૂબ ખોલવાનો પ્રયાસ કરશો તો યુટ્યૂબ નહીં ખૂલે, પરંતુ જો લોગિન વિના યુટ્યૂબ ખોલો છો તો તે બરાબર કામ કરતું હતું. એવામાં એ વાતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે, ગૂગલની લોગિન સિસ્ટમ કામ નથી કરી રહી. ટ્વિટર પર તેને લઈને પણ કેટલાક લોકોએ પોતાની પરેશાની વ્યક્ત કરી હતી.

એવું નથી કે ગૂગલની સેવાઓ માત્ર ભારતમાં જ બંધ થઈ છે, પરંતુ સમગ્ર દુનિયામાં આવી ફરિયાદો આવી રહી છે અમેરિકાના કેલિફોર્નિયાથી પણ આવી ફરિયાદ આવી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ૨૫ સપ્ટેમ્બરે પણ અમેરિકામાં જીમેલ સહિત ગૂગલની કેટલીક સેવાઓ ખોટવાઈ હતી.

જ્યારે ગૂગલના તમામ ટ્વિટર હેન્ડલ્સ પર નજર કરવામાં આવી તો, ગૂગલ કે ગૂગલ ઈન્ડિયા ટ્વિટર હેન્ડલ પર આ સમસ્યાને લઈને કોઈ સ્ટેટમેન્ટ જોવા ન મળ્યું.

## છેલ્લે... છેલ્લે...

- આસામમાં ૬૮૦ મદરેસા અને સંસ્કૃત સ્કૂલો બંધ કરાઈ.
- ન્યૂઝીલેન્ડને કોરોના વાયરસથી મુક્ત દેશ જાહેર કરાયો.
- રાજસ્થાનમાં નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૬૨૦ બેઠકો કોંગ્રેસ પ્રથમ, ૫૯૫ પર અપક્ષ અને ૫૪૮ બેઠક પર ભાજપનો વિજય.
- ભાજપના નેતા કૈલાશ વિજય વર્ગીયને ‘ઝેડ’ કેટેગરીની સુરક્ષા અને બુલેટ પ્રુફ કાર અપાઈ.
- મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે નિવૃત્તિની ઈચ્છા વ્યક્ત કરી.
- રાજકોટમાં એઈમ્સનું ટુંક સમયમાં પ્રધાનમંત્રી ખાતમૂહુર્ત કરશે.

